**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**Academic Session 2026-27**

**Date:** ________ **Class:** 6 **Div:** B/C **Roll No:** ______ **Sub:** 2.Guj

**Name:** ________________________________________ **Worksheet:** અપઠિત ગદ્ય HY

## 1 .નીચે આપેલા ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ આપો.

ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે ! અનન્વય અલંકારમાં કહીએ તો વાત્સલ્યની મૂર્તિ એટલે મા, મા એટલે વાત્સલ્યની મૂર્તિ .એના જેવી વ્યક્તિ આ જગતમાં કયાંય મળે એમ નથી ! માતાનો જોટો જડવો. બાળકને જન્મ આપનાર અને એનું લાલનપાલન કરી જીવનનું સુયોગ્ય ઘડતર કરનાર માતાની મૂલ્યવાન સેવાનો બદલો કોનાથી વાળી શકાય એમ છે ? બાળક ઉદરમાં હોય ત્યારથી માંડીને એ મોટું ને સમજણું થાય ત્યાં સુધીમાં, અનેક કષ્ટો વેઠનાર અને પોતાના શરીર-સુખના ભોગે પોતાના બાળકની માવજત કરનાર માતાને જો ઈશ્વરે પેદાજ ના કરી હોય તો આપણું શું થાત ? કોણે લાલન પાલન કર્યું હોત, કોણે આપણને સંસ્કાર આપ્યા હોત. કોણે આટલો પ્રેમ લૂટાવ્યો હોત.. માતાનુ મહત્વ તો તમે એકવાર જઈને અનાથાશ્રમમાં રહેતા બાળકોને જોઈને કે તેમની સાથે વાતચીત કરીને જોશો તો સમજાશે.

ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે કોનું સર્જન કર્યું હશે ?

જવાબ --____________________________________________________________.

માતા માટે કયો અલંકાર શબ્દનો ઉપયોગ કર્યો છે ?

જવાબ --____________________________________________________________.

માતા બાળક માટે શું શું કરે છે ?

જવાબ --____________________________________________________________.

ઉદરનો સમાનર્થી શબ્દો લાખો.

જવાબ --____________________________________________________________.

ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

જવાબ --____________________________________________________________.

**2 .નીચે આપેલા ગધખંડ વાંચી પ્રશ્નનોના જવાબ આપો.**

પરિશ્રમરૂપી પારસમણિના સ્પર્શ વડે જ સિધ્ધિરૂપી સુવર્ણ પ્રાપ્ત થઈ શકે છે. સફળતા સુધી પહોંચવા માટેનો માર્ગ સીધો અને સરળ નથી હોતો. આ માર્ગ પર મનુષ્યને અનેક અવરોધો નડે છે. સફળતા પામતાં પહેલાં માણસે નિષ્ફળતાના ઘણા કડવા ઘૂંટડા પીવા પડે છે તેમજ અથાક અને અસીમ પરિશ્રમ કરવો પડે છે. એટલે જ એક કવિ કહે છે કે : 'ઉધમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે.' સફળતા અથવા સિધ્ધિ સુધી પહોંચવા માટે કોઈ ટૂંકો માર્ગ હોતો નથી. જો કોઈ આવો માર્ગ અપનાવે તો એને સિધ્ધિ મળવાની શક્યતા જ નથી. એટલે સિધ્ધિ મેળવવા ઈચ્છતા હોઈએ તો કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. સાચી દિશામાં કરેલો પરિશ્રમ ક્યારેય નિષ્ફળ જતો નથી. વહેલું કે મોડું તેનું સુખદ પરિણામ આવે જ છે. 'મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા' એ ઉક્તિ જાણીતી છે. પણ માત્ર ઈશ્વરકૃપાની રાહ જોઈને બેસી રહેવાથી કંઈ મળી શકે નહીં. પુરુષાર્થ વગર તો પ્રારબ્ધ પણ પાંગળું છે. જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે. ઈશ્વર તેને જ મદદ કરે છે જે પરિશ્રમ કરવા માટે સદાય તત્પર રહે છે. આમ, પુરુષાર્થ કરવાથી સિધ્ધિ મળે કે ન મળે, પુરુષાર્થ કર્યાનો સંતોષ અને આનંદ તો મળે જ છે.

૧.સિધ્ધિ કોને વરે છે ?

____________________________________________________________

૨.સફળતા માટે મનુષ્યે શું કરવું પડે છે ?

____________________________________________________________

૩.પરિશ્રમ ક્યારે નિષ્ફળ જતો નથી ?

____________________________________________________________

૪.પરિશ્રમ માટે શું કહેવાયું છે ?

____________________________________________________________

૫.ગધખંડને યોગ્ય શીર્ષક આપો .

____________________________________________________________